# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
# Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા,
જિલ્લો-પંચમહાલ. પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

એસજીજીયુ/એન.એસ.એસ./૨૦૧૭/૬૬૨૩ તા. ૦૪/૦૯/૨૦૧૭

પરીપત્ર- ૩૨૨

એન.એસ.એસ. વિભાગ, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા સ્વાસ્થ્ય, સ્વચ્છતા, સ્ત્રી શસક્તીકરણ, આદીવાસી સમાજ નું ઉત્થાન, ટોયલેટ જાગૃતિ, પર્યાવરણ જાગૃતિ, વ્યશન મુક્તિ ઉપરાંત બીજી ઘણી સમાજ ઉપયોગી પ્રવૃતિઓ કરી રહ્યુ છે. હાલ માં ગુજરાત રાજ્ય માં સ્વાઇન ફ્લુ નામની બિમારી ખુબજ વેગ થી પ્રસરી રહી છે. આ અનુસંધાને આ બિમારીને રોકવા માટે તથા સમાજમાં તેને લગતી જાગૃતિ ફેલાવવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના તા. ૨૮/૦૮/૨૦૧૭ ના પત્ર ક્રમાંક : રસય/યુનિ.કક્ષા/૨૦૧૭/૧-૧૦૯-૯ અને, માનનીય અગ્રસચિવશ્રી, ટેકનીકલ અને ઉચ્ચ શિક્ષણ, ગાંધીનગરની સુચના અનુસાર એન.એસ.એસ. ના સ્વયં સેવકો આગળ આવીને આ કાર્ય માં મદદરૂપ થાય તે જરૂરી છે. સરકારશ્રી દ્વારા સ્વાઇન ફ્લુને કાબુમાં લેવા માટે તેમજ આ રોગ આગળ વધતો અટકે તેના આગમચેતી ના પગલા સ્વરુપે આરોગ્ય વિભાગ ની વિવિધ ટીમો કાર્યરત કરેલ છે. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ના કાર્યક્ષેત્ર મા આવતી એન.એસ.એસ. યુનિટો ધરાવતી કોલેજના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરોએ આ કાર્ય માં જે-તે કોલેજ ની નજીક આવેલ પી.એચ.સી./સી.એચ.સી. કે સરકારી હોસ્પીટલ નો સંપર્ક કરીને તેમની ટીમ સાથે સ્વાઇન ફ્લુને કાબુમાં લેવા માટે અને આગળ વધતો અટકે તે માટે વિધાર્થીઓને સાંકળીને જન જાગૃતિ ઉપરાંત આરોગ્ય વિભાગ ની ટીમો ને મદદ કરવાનુ કાર્ય કરવાનુ રહેશે. સ્વાઇન ફ્લુ ને લગતા અન્ય જનજાગ્રુતી પ્રોગ્રામો જેમ કે પોસ્ટર દ્વારા જાગ્રુતી, ફોટોગ્રાફ્સ અને વિડીયો દ્વારા જન જાગૃતિ વગેરે કોલેજ લેવલે થાય તે પણ ઇચ્છનીય છે. આ પ્રોગ્રામો થયા પછી તેનો ફોટોગ્રાફ્સ સાથેનો અહેવાલ દિવસ-૭ માં ઇ-મેઇલ એડ્રસ **nss@sggu.ac.in** પર તથા હાર્ડ કોપી માં એન.એસ.એસ. વિભાગ, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ને મોક્લી આપવાનો રહેશે. આ પ્રોગામો ના આયોજન અંગે તેમજ વધુ માહીતી મેળવવા માટે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, એન.એસ.એસ. પ્રોગ્રામ કોર્ડીનેટર, ડો. રૂપેશ એન. નાકર (મો. ૮૧૪૧૪૩૧૪૬૨) નો સંપર્ક કરવો.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ

- એન.એસ.એસ. યુનિટો ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/પ્રોગ્રામ ઓફિસરો તરફ

નકલ રવાના:

- રાજ્ય એન.એસ.એસ. અધિકારીશ્રી, ઉ.શી.કમી. ની કચેરી ૨ જો માળ, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- રીજીયોનલ ડાયરેક્ટર, યુનિવર્સિટી ગ્રંથ નીર્માણ બોર્ડ ની બીલ્ડીંગ, પાટનગર યોજના ભવન, એલિસબ્રીજ, અમદાવાદ